
# 2. પર્વત તારા

સુરેશ દલાલ

આ સુંદર પ્રાર્થના છે. પ્રાર્થનામાં આવતાં પર્વત, નદી, સરોવર, દરિયો, વૃક્ષો, સૂર્ય, ચંદ્ર, તારા, પાણી, પક્ષી, જીવજંતુઓ વગેરે કુદરતના અંશો છે. અહીં, કવિ સઘળા કુદરતના અંશોમાં ઈશ્વરને જુએ છે.



પર્વત તારા પ્હોળા ખંભા, સરવર તારી આંખ,
હે ઈશ્વર! હું તને જોઉં છું, ક્યાંક ક્યાંક ને ક્યાંક.
દરિયો તારું દિલ વિશાળું : વૃક્ષો તારી વાત,
મેઘધનુષ્યના રંગોમાં તું રમી રહ્યો રળિયાત.
તું તરણાંનો તારણહારો, ઝરણાંનો તું નાદ,
ફૂલફૂલની રંગસુગંધે તારી છે સોગાદ.
સિંહવાઘ ને કોયલ, બુલબુલ, પતંગિયાં ને તમરાં,
સૂર્યચંદ્ર ને તારા આભે : અહીં આગિયા, ભમરા.

રાડ, ત્રાડ ને લાડની સાથે મોરપિચ્છનો સૂર,
સંતાકૂકડી રમતો રમતો રહે નજીક ને દૂર.
અજવાળાના કાંઠા વચ્ચે અંધારાની નદી વહે,
એમાં મારી હોડીને આ કોણ હંકારે ? તું જ કહે.

## શબ્દસમજૂતી

**ખંભા** ખભા **સરવર** કુદરતી રીતે બનેલું સરોવર, તળાવ **વિશાળું** વિશાળ, ઘણું મોટું **રળિયાત** (અહીં) સુંદર **તરણું** તણખલું **નાદ** સામાન્ય રીતે મધુર લાગતો મોટો અવાજ **સોગાદ** ભેટ **આગિયા** રાત્રિના અંધકારમાં ટમટમતું જીવડું **ત્રાડ** ગર્જના

## ભાષાસજ્જતા

### ઉચ્ચારણવિષયક સજ્જતા : 'સ' અને 'શ'

આપણે ઘણી વાર **'સ'**ને બદલે **'શ'** અને **'શ'**ને બદલે **'સ'**નો ઉચ્ચાર કરતાં હોઈએ છીએ. 'સ'ને બદલે 'શ'ના ઉચ્ચારથી શબ્દનો અર્થ બદલાય છે તે સમજીએ.

- **'સ' અને 'શ'વાળા શબ્દોના અર્થભેદ :**

| | | | |
|---|---|---|---|
| **સર** - સરોવર | **શર** - બાણ | **સૂર** - અવાજ | **શૂર** - શૌર્ય |
| **સાર** - કસ | **શાર** - છિદ્ર | **કેસ** - મુકદમો | **કેશ** - વાળ |
| **સત** - સત્ય | **શત** - સો | **પાસ** - ઉત્તીર્ણ | **પાશ** - ફાંસો |

- **કૌંસમાંથી યોગ્ય અક્ષર પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

| | |
|---|---|
| નુક______ન (સા, શા) | સમ______ (શ્યા, સ્યા) |
| ______વણ (શી, સી) | ______કાર (શિ, સિ) |
| ______રોવર (શ, સ) | ______બાશી (શા, સા) |
| રિ______સ (શે, સે) | વિ______શ (ષે, શે) |

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) કવિ પ્રકૃતિમાં કોનાં દર્શન કરે છે ?

(2) કવિ કોને ભગવાનની આંખ ગણે છે ?

(3) ઈશ્વર સંતાકૂકડી ક્યાં રમી રહ્યો છે ?

(4) ઈશ્વર કયા સ્વરૂપે સોગાદ આપે છે ?

(5) હોડીને કોણ હંકારતું હશે?

**2. નીચેની પંક્તિ સમજાવો :**

રાડ, ત્રાડ ને લાડની સાથે મોરપિચ્છનો સૂર,
સંતાકૂકડી રમતો રમતો રહે નજીક ને દૂર.

**3. નીચે આપેલી કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

તું તરણાંનો ..........................................................

..........................................................

.......................................................... આગિયા ભમરા.

**4. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો આપો :**

(1) આંખ : ______ | (2) ઈશ્વર : ______
(3) દરિયો : ______ | (4) વૃક્ષ : ______
(5) નાદ : ______ | (6) ફૂલ : ______

**5. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો :**

(1) પહોળું × ______ | (2) વિશાળ × ______
(3) નજીક × ______ | (4) અંધારું × ______

**6. ઉદાહરણ પ્રમાણે કાવ્યમાંના પ્રાસની શબ્દજોડી બનાવો :**

ઉદાહરણ : વાત - રળિયાત

_______ _______ _______ _______

_______ _______ _______ _______

**7. 'સ' અને 'શ'થી બનતા ચાર-ચાર શબ્દો લખી, એનો અર્થભેદ દર્શાવો.**

ઉદાહરણ : સાપ-સર્પ શાપ-બદદુઆ

_______ _______ _______ _______

_______ _______ _______ _______

**8. 'ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ' - આ પંક્તિને આધારે બીજી ત્રણ પંક્તિ બનાવો.**

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

_______________________________________

## પ્રવૃત્તિ

- દૈનિકપત્રો, મુખપત્રો અને સામયિકોમાંથી કુદરતી સૌંદર્યોનાં ચિત્રો એકઠાં કરી સંગ્રહપોથી બનાવો.

❖